# રે. દિવાની મુકદ્દમા નં.૧૯૦/૨૦૨૧

**<u>આંક–૫ લગત હુકમ</u>**

(૧) હાલની અરજી વાદીઓએ સી.પી.સી.ઓર્ડર ૩૯ , રૂલ–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે જેની ટુકમાં હકીકત એવી છે કે, જત ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ મહેસાણા તાલુકા કડીના મોજે ગામ ચંદ્રાસણની સીમના ખેડ નવો ખાતા નં.૭૯૩ (જુનો ખાતા નં.૬૬૨) ના નવો બ્લોક/સર્વે નં.૧૫૦૯ (જુના બ્લોક/સર્વે નં.૫૪/૧ પૈકી ૧ (જુનો સર્વે નં.૫૪/૧) ની ૦–૯૪–૬૧ હે.આરે.ચો.મી. જેનો આકાર રૂ.૮.૭૬ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૨ નાઓની હિન્દુ અવિભક્ત કુટુંબની વારસાઈની રૂઈએ પ્રાપ્ત થયેલ સંયુક્ત માલીકી , પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ છે જેની ચતુર્દીશા નીચે મુજબ છે.

પુર્વેઃ– ઠાકોર શકરાજી રતનજીની જમીન આવેલ છે.

પશ્ચિમેઃ– ઠાકોર કાળાજી દાજીજીની જમીન આવેલ છે.

ઉત્તરેઃ– ઠાકોર ગણેશજી નાથુજીની જમીન આવેલ છે.

દક્ષિણેઃ– ઠાકોર બાબુજી મથુરજીની જમીન આવેલ છે.

સદરહુ જમીનને હવે દાવાવાળી જમીન તરીકે સંબોધવામાં આવેલ છે.

દાવાવાળી જમીનો વાદીઓના દાદાશ્રી તથા પ્રતિવાદી નં.૧ થી ૨ ના પિતા/વડિલશ્રી મર્હુમ રામુજી સગાજીના પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટાની તેમજ જાત ખેડ હક્કની ચાલી આવેલ જેથી તેઓ દાવાવાળી જમીનના સ્વતંત્ર માલિક કબજેદાર ભોગવટેદાર છે.

પરંતુ સદરહુ જમીન ઉપર કોઈક ત્રાહિત ઈસમો આવેલ અને જણાવેલ કે , આ જમીન અમોના શેઠે વેચાણ રાખી છે. આથી તમો સદર જમીનનો કબજો છોડી દો. વાદીઓએ તાત્કાલીક દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડની નકલો તા.૦૭–૦૧–૨૦૨૧ ના રોજ કઢાવતા

તેમની સંયુક્ત હિસ્સાની જમીનમાં પ્રતિવાદી નં.૧ , ૨ ની સિવાય ત્રાહીતો એવા પ્રતિવાદી નં.૪ નું નામ પણ ચાલતા હોવાનું જણાઇ આવેલ. તેમની વડિલોપાર્જીત વારસાઇ હક્કની મજકુર દાવાવાળી જમીન જે તેઓએ ક્યારેય કોઇપણ જાતનો વેચાણ વ્યવહાર કે દસ્તાવેજ કે કબુલાત લેખ પ્રતિવાદી નં.૩, ૪ ની તરફેણમાં કરી આપેલ નથી.

દાવાવાળી જમીનનો રેવન્યુ રેકર્ડ ઉપરથી મળેલ માહીતી મુજબ પ્રતિવાદી નં.૧ , ૨ નાઓએ પ્રતિવાદી નં.૩ , ૪ ની તરફેણમાં દસ્તાવેજ કર્યાની જણાઇ આવતા પ્રતિવાદી નં.૧ , ૨ નાઓએ તેમને વેચાણનો પુરેપુરો આપેલ ન હોવાનું જણાવતા વાદીઓની જાણમાં આવેલ છે કે , તેમની વડિલોપાર્જીત વારસાઇ હક્ક , હિસ્સા અધિકારવાળી દાવાવાળી જમીન પૈકી ૯૪૬૧ ચો.મી. જમીન અંગેનો કહેવાતો વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૯૧૦ થી તા.૧૪–૦૫–૨૦૧૦ ના રોજનો પ્રતિવાદી નં.૩ ની તરફેણમાં પ્રતિાવદી નં.૧ , ૨ નાઓ દ્વારા ઉપજાવી કાઢવામાં આવેલ છે. જેથી સદર દસ્તાવેજો હિન્દુ કાયદાની જોગવાઇઓ તેમજ ટ્રાન્સફર પ્રોપર્ટી એક્ટની જોગવાઇઓ વિરૂદ્ધના હોઇ મુળથી જ રદબાતલ હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ દાદ માંગતા જણાવેલ છે કે , મનાઇ અરજીની હકીકતો અને સંજોગોને લક્ષમાં લઇ દાવાવાળી જમીનો અંગે પ્રતિાવદી પોતે જાતે કે તેઓના કુ.મુ.નાઓ , નોકરો, એજન્ટો કે અન્ય મળતીયા ઇસમો દાવાવાળી જમીન અંગે કોઇપણ રીતે કે પ્રકારે કોણપણ જાતના કરાર , લેખો કરે કરાવે નહી કે દાવાવાળી જમીન અન્ય કોઇપણ રીતે વેચાણ ટ્રાન્સફર , તબદીલ, ગીરો, બક્ષીસ કરે કરાવે નહી કે દાવાવાળી જમીન પરત્વે કોઇનો કોઇપણ રીતે કે પ્રકારે હક્ક , હિત, હિસ્સો કે બોજો ઉત્પન્ન કરે કરાવે નહી કે દાવાવાળી જમીનોનો કબજો ભોગવટો બીજા કોઇ ત્રાહિતને સોંપે સોંપાવે નહી કે સ્થળ સ્થિતિમાં કે રેકર્ડ ઓફ રાઇટ્સમાં કોઇપણ જાતના ફેરફાર કરે કરાવે નહી તે મતલબનો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂદ્ધ કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવા તેમજ નામ. કોર્ટને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તે દાદ અપાવવા તેમજ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

(૨) આ કામે પ્ર.વાદીઓને ધોરણસરનો સમન્સ/નોટીસ કાઢવામાં આવેલ છે જે પ્રતીવાદીઓને બજી ગયેલ હોવા છતાં પ્રતિવાદી નં.૧ થી ૩ હાજર રહેલ ન હોય તેમજ તેમના તર્ફે કોઇ રીપોર્ટ કે રજુઆત ના હોય પ્રતિવાદી નં.૧ થી ૩ નો જવાબનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૪ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ

આંક–૧૫ થી દાવા તથા મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં વાદીઓના દાવાની હકીકતો ખરી ન હોવાનું તેમજ તેઓને કબુલ મંજુર ન હોવાનું જણાવી ખરી હકીકત જણાવતા કહે છે કે, મોજે ચંદ્રાસણ, તા.કડીના જુની શરતની જમીન જેનો ખાતા નં.૬૬૨ જેનો નવો ખાતા નં.૭૯૩ જેનો સર્વે નં.૫૪૪/૧ પૈકી/૧ તેનો નવો સર્વે નં.૧૫૦ વાળી જમીન હે.આરે. ૦–૯૫–૧૨ જે રી સર્વે થયા બાદ ૦–૯૪–૬૧ વાળી જમીનના માલીક અને કબજેદાર પ્રતિવાદી નં.૪ ના થયેલ છે. સદર ઉપરોક્ત સર્વે નંબરવાળી મિલ્કત પ્રતિવાદી નં.૪ નાને ઠાકોર દશરથજી રામુજી જે પ્રતિવાદી નં.૧ નાએ તા.૧૮–૧૧–૨૦૧૧ ના રોજ અનુક્રમ નં.૬૮૩૨ થી તા.૧૯–૧૧–૨૦૧૧ ના રોજ કડી રજી. કચેરીમાં વેચાણ દસ્તાવેજ થયેલ છે. ત્યારથી સદર મિલ્કતનો માલીકી હક્કે પ્રતિવાદી નં.૪ નો કબજો ભોગવટો આવેલ છે. તેમજ સદર મિલકત તેમના પહેલા પ્રતિવાદી નં.૪ ના પહેલા સદર મિલકતના માલીક અને કબજેદાર ઠાકોર દશરથજી કરશનજી અને પ્રતિવાદી નં.૩ ના હતા અને તેઓએ સદર મિલકત કામનખા પ્રતિવાદી નં.૧ ના ઠાકોર દશરથજી રામુજીને તા.૨૧–૦૧–૨૦૧૧ ના રોજ અનુ.નં.૩૧૪ થી વેચાણ દસ્તાવેજથી સદર મિલકત વેચાણ આપેલ હતી ત્યારબાદ તેમના અગઉ આ મિલકત વેચાણ આપેલ હતી ત્યારબાદ તેમના અગાઉ આ મિલકત પ્રતિવાદી નં.૧ ઠાકોર દશરથજી રામુજી પોતે તથા એચ.યુ.એફ.ના કર્તા તરીકે તથા મેનેજરશ્રી તરીકે તથા પ્રતિવાદી નં.૨ ઠાકોર ઘનશ્યામજી રામુજીના નામે ચાલતી હતી અને તેઓએ પ્રતિવાદી નં.૩ ને ઠાકોર દશરથજી કરશનજીને તા.૨૧–૦૧–૨૦૧૧ ના રોજ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ હતી. આમ , ઉપરોક્ત સર્વે નંબરવાળી મિલકત તેઓ પ્રતિવાદીએ પ્રતિવાદી નં.૪ નાએ વેચાણ રાખી તે અગાઉ ૨ વખત વેચાણ થઇ ચુકેલી હતી તેમ છતાં

વાદીઓએ અગાઉ વેચાણ દસ્તાવેજોને તેમની જાણમાં હોવા છતાં તથા તેઓના ફેમીલી મેમ્બર હોવાથી સદર વેચાણ દસ્તાવેજોની સંપુર્ણ જાત અને માહીતી હતી તેમ છતાં તેઓએ અગાઉના દસ્તાવેજોમાં કોઈપણ જાતનો રેવન્યુ રેકર્ડ વાંધો કે તકરાર લીધેલ નહી કે તે વેચાણ દસ્તાવેજોની વેચાણ નોંધોને રેવન્યુ રેકર્ડમાં કોઈપણ જાતની ચેલેન્જ કરેલ નહી કે પ્રતિવાદીઓ વિરૂદ્ધ કોઈપણ જાતના કેસો પોલીસ સ્ટેનમાં તથા સિવિલ કોર્ટમાં આ દાવા સિવાય બીજા અગાઉના સદર મિલકતના માલીકો ઉપર કરેલા નથી. આ હકીકત હોવા છતાં હાલમાં મિલકતોના ભાવો આસમાને થયેલ હોવાથી વાદીઓની દાનત બગડેલ હોઈ તથા તોડ કરવાના ઈરાદે હાલનો ખોટી અને બનાવટી હિસ્ટ્રી ઉભી કરી હાલનો વેચાણ દસ્તાવેજ થયાના આશરે ૧૦–૧૨ વર્ષનો સમય વિલંબ હોઈ તેમ છતાં કયા કારણથી વિલંબ થયેલ છે તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી. હાલનો દાવો સમય મર્યાદા બહારનો હોઈ સદર દાવાને ડીલે એન્ડ લેચીઝનો બાધ નડતો હોઈ વાદીઓનો દાવો પ્રથમથી જ રદ્દ થવાને પાત્ર હોઈ હાલનો વાદીનો દાવો ખર્ચ સહ રદ્દ કરવાનો હુકમ કરવા તેમજ વાદીઓએ હાલનો દાવો ચોખા હાથે લાવેલ ન હોઈ વાદીઓ પાસેથી પ્રતિવાદીને થયેલ ખર્ચ અપાવવાનો હુકમ કરવા તથા દાવો ખર્ચ સહ રદ્દ કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામના વાદીઓએ તેમની મનાઈ અરજીના સમર્થનમાં માર્ક–૩/૧ થી માર્ક–૩/૬ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જયારે પ્ર.વાદીઓ તરફે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી. ત્યારબાદ વાદીઓ તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા આંક–૨૧ થી લેખિત દલીલો રજુ કરેલ છે તેમજ  પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૪) ઉપરોકત હકીકતો આધારે આ કામે વાદીઓની મનાઈ અરજીના નીર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૪) ઉપરોકત હકીકતો આધારે આ કામે વાદીની મનાઈ અરજીના નીર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

૧. શું વાદી કામચલાવ મનાઈ હુકમ મેળવવા હકકદાર છે ?

૨. શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓ સંદર્ભે મારો નિર્ણય નીચેના કારણસર છે.

૧. . નકારમાં

૨. આખરી હુકમ અનુસાર.

–:: કા ર ણો ::–

<u>મુદા નં.૧ થી ર</u> :–

સદરહુ અરજી સબંધે ઉપસ્થિત થયેલા બને મુદાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય તથા આનુષાંગિક હોવાથી બંને મુદાઓની ચર્ચા સરળતા ખાતર એકસાથે કરેલી છે.

**ઉપરોકત હકીકતો,, હાલના કામે અરજી સબબ , ની કાર્યવાહી આગળ વધારતા પહેલા, રજુ થયેલ , પક્ષનીવેદનને આધીન, દિવાની કાર્યરીતી સંહિતાના આદેશ ૩૯ નીયમ ૧ અને ર ના પ્રબંધોને ઘ્યાનમાં લેવામાં આવે તો તે નીચે મુજબ છે.**

એ હકીકત સર્વ પ્રતિપાદિત છે કે, કામ ચલાઉ કે વચગાળાના મનાઈ હુકમની માંગણી મંજુર કરવી કે ઈન્કાર કરવી તે અદાલતની વિવેક બુધ્ધિ પર આધાર રાખે છે, કોઈપણ પક્ષકાર હકકની રૂએ તે માંગણી કરી શકે નહી વધુમાં માનીનીય વડી અદાલત તથા ઉચ્ચ અદાલતના વિવિધ ન્યાય નિર્ણયો ધ્વારા કામ ચલાઉ મનાઈ હુકમ જેવી સમન્યાય દાદ મેળવવા સારૂ સોનેરી સિધ્ધાંતો નકકી કરવામાં આવેલ છે, જે મુજબ માંગણીદારે તેનો કેસ પ્રથમદર્શનીય કેસ છે, તે સાબીત કરવાનું રહે છે. મનાઈ હુકમની માંગણી સમયે, સગવડ અગવડનું ધોરણ વાદીની તરફેણ કરી રહયું છે તે બતાવવાનું રહે છે, તેમજ જો માંગણી મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ નહી આપવામા

આવે તો વાદીને નાણાથી આંકી ન શકાય તેવું અસહય અને પારાવાર નુકશાન થાય તેમ છે, તે બતાવવાનું રહે છે.

કામ ચલાઉ મનાઈ હુકમનું સંચાલન દિવાની કાર્યરીતી સંહિતાના આદેશ ૩૯ નિયમ ૧ અને ૨ મુજબ થાય છે, અને જેના પ્રબંધો જોવામાં આવે તો

''કામ ચલાઉ મનાઈ હુક આપી શકાય તેવા કેસ

કોઈપણ દાવામાં સોગંદનામાથી અથવા બીજી રીતે એવું સાબિત થાય કે,

(ક) દાવાનો કોઈપણ પક્ષકાર દાવામાંની કોઈપણ તકરારી મીલકત વેડફી નાંખી કંઈ નુકશાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં તે ગેરવ્યાજરી રીતે વેચાશે તેવી દહેશત છે.

(ખ) પોતાના લેણદારોને દગો દેવાના ઉદ્દેશથી પ્રતિવાદી પોતાની મીલકત ખસેડવાની અથવા તેનો નિકાલ કરવાની બીક બતાવે છે અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે.

(ગ) દાવા માની તકરારી મીલકતના સબંધમાં, વાદીનો કબજો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી આપે છે.

ત્યારે હુકમ કરીને ન્યાયાલય આવુ કાર્ય થતું અટકાવવા માટે કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકશે.

વધુમાં આદેશ ૩૯ નિયમ ૨ અન્વયેના પ્રબંધો જવામા આવે તો વાદીને કરાર ભંગનું પુનરાવર્તન કે ચાલુ રહેતુ રોકવા માટે પણ કામચલાઉ મનાઈ હુકમ આપી શકાય છે. વાદી જે કરાર ભંગ કે નુકશાનની ફરીયાદ લઈને આવેલ હોય તે અથવા તે જે કરાર માંથી ઉપસ્થિત થતાં હોય તે સંદર્ભના કરાર ભંગ કે નુકશાન કરતાં પ્રતિવાદીને અટકાવવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકાય છે. વધુમાં માનનીય ઉચ્ચ અદાલત તેમજ વડી અદાલતના મનાઈ અરજી સંદર્ભેના વિવિધ ન્યાય

**નિર્ણયોને ધ્યાનમાં લેવામાં આવે તો તે સંદર્ભેના સોનેરી સિધ્ધાંતો કે જે મુજબ અદાલતમાં આવનાર વાદી પક્ષકારે મનાઈ અરજીમાં સફળ થવા સારૂ પોતાની મનાઈ અરજ પ્રથમ દર્શનીય રીતે વાદીની તરફેણ કરી રહી છે, વિશેષમાં સગવડ અગવડનુ ધોરણ પણ વાદીની તરફેણ કરી રહયુ છે તેમજ જો મનાઈ હુકમ ન આપવામા આવે તો નાણાંથી બદલો ન મળી શકે તેવું નુકશાન થવાની વાદીને સંભાવના રહેલી છે, તેવી હકીકતો અદાલત સમક્ષ સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કરવાની હોય છે.**

**વાદીઓની મનાઈ અરજીના પક્ષ નિવેદન તેમજ તે સાથે રજુ કરેલા દસ્તાવેજોને ધ્યાને લીધા. જે મુજબ,** આ કામે વાદી એ પેકી ન. ૧ જેઓ પ્રતીવાદી ન . ૧ ના પત્ની તથા અને અન્ય વાદી ન.૨ થી ૫ ના ઓ પ્રતીવાદી. ન૧ ના સતાનો છે, તેમજ, દાવાવાળી મીલકત કે જે , પેરા. ૨ મા દાવા અરજીના જણાવેલ છે, વાદીઓ ના દાદા તથા પ્રતીવાદી ન.૧ અને ૨ના પીતાની મીલકત છે, યાને કે પ્રતીવાદી ન. ૧ અને ૨ના ઓ સગા ભાઈ છે, અને તકરાર અન્વયે તા.૧/૫/૧૯૯૦ ના રોજ પ્રતીવાદી .ન. ૧ અને ૨ના પીતા યાને કે, રામુજી ના અવસાન બાદ, તેમના વારસદારની રૂએ, પ્રતીવાદી ન. ૧ અને ૨ના ઓ દાવાવાળી મીલકત ધારણ કરનાર બનેલ છે વાદીઓના કથન મુજબ, તેમનો મુળ મીલકતના ધારણ કરનાર એવા , રામુજીના વારસદારની રૂએ, સમાશીત મીલકતમા હીસ્સો રહેલ છે, અને તેમનો હીસ્સો તેમના પીતા યાને કે, દશરથજી રામુજી ના વારસોની રૂએ નહી પણ સમાશીતની રૂએ આગવો હીસ્સો રહેલ છે, વાદીની તકરાર મુજબ તમામ સમાશીત ( કોપાર્સનરો) વચ્ચે મીલકતની વહેચણી થયેલ નથી તેમ છતા, આ કામે, તા. ૭/૧/૧૦ ના રોજ મીલકતના રેકર્ડ ઓફ રાઈટ કઢાવતા , તેમા પ્રતીવાદી ન.૪ નુ નામ જણાઈ આવેલ , અને જે સજોગોમા તેઓના સમાશીતની રૂએ જે પણ મીલકતમા ભાગ , ને પ્રતીવાદી ન. ૧ અને ૨ના એ વેચાણ કરીને ડુબાડી દીધેલ હોય, કથીત કુત્ય ,દાવાની કાર્યવાહી માટે, કારણ ભુત બનેલ છે , આ રજુઆત ની સામે, તમામ દાાવની કાર્યવાહી અને જે પણ તકરારનુ કારણ છે ,તે વા રજી. દસ્તાવેજોના ઘટના ક્રમને જોવામા આવે તો તેમા, પ્રતીવાદી ન. ૧ અને ૨ના ઓ પ્રથમ રજી.ન. ૩૯૧૦ થી, તા.૧૪/૫/૧૦ થી ,રજી.દસ્તાવેજ

જે પ્રતીવાદી.ન.૩ ની તરફેણમાં અમલીકૃત કરેલ છે, બાદમા પ્રતીવાદી ન.૧ ની તરફેણમા, આ કામના પ્રતીવાદી ન. ૩ ના ઓ એ, રજી.ન. ૩૧૪/૧૧ થી , રજી.વેચાણ દસ્તાવેજ અમલીકૃત કરેલે છે, જે દાવાવાળી જમીન સબધે કરેલો છે, અને બાદમા વધુ એક વખત દાવાવાળી મીલકત સબધેનો દસ્તાવેની કાર્યવાહી પ્રતીવાદી ન.૧ ન ા એ, તા. ૧૯/૧૧/૧૧ ના રોજ, રજી.ન.૬૮૩૨/૧૧ , ના રોજ. પ્રતીવાદી.ન.૪ ની તરફેણમા દસ્તાવેજ કરેલ છે, અને તે રીતે ત્રાહી ત એવા પ્રતીવા દી.ન.૪ ની તરફેણમા આખરી દસ્તાવેજ અમલમા આવેલ છે , જે તમામ સને ૨૦૧૦ થી સને ૨૦૧૧ ના ગાળામા થયેલ છે, જે અવલોકન સાથે અદાલત નોઘ લે છે કે, તમામ પક્ષકારો જે દાવા અન્વયે વીવાદ ઉભો કરેલ છે, તે તમામ, પીતા , પુત્ર અને પીતા નાભાઈ છે, અને વાદીની એ અદાલત સમક્ષ આવેલ પક્ષકારો સમાશીત છે, તેઓએ દાવામા ,તેમના પુરોગામી અને વડીલોની મીલકતમા પોષાતા એવા વારસાઈ હક માટે આવેલ છે, તમામ પક્ષકારો એક જ ગામના છે, , વઘુમા વાદીઓ જેમના થકી ભાગ માગી રહેલ છે તે, તેમના પીતા / પતી હયાત છે, એ બાબત નીર્વીવાદ છે કે, પીતા પુત્ર અને દાવા વાળી મીલકત જે , વાદીઓના તથા પ્રતીવાદી ન. ૧ અને ૨ની પુરોગામીઓની મીલકત છે, વાદીની તકરાર મુજબ, તેઓ એ પ્રતીવાદી ન. ૧ અને ૨ના ને કોઈ પણ સમતી હીદુ અવીભકત કુટુબની મીકલતોના વેચાણ માટે આપેલ નથી, તેમ છતા સમાશીત ના દરજજા વાળી મીલકત ને પ્રતીવાદી ન.૧ અને ૨ના એ વેચાણ ત્રાહીત એવા પ્રતીવાદી ન. ૪ નાને કરેલ છે, આ તબકકે જે પણ વેચાણ વ્યવહારને જ ોવામા આવે તો તે સને ૨૦૧૧ મા અમલમા આવેલ છે, અને બાદમા રેવન્યુ રેકર્ડમા પણ પ્રતીવાદી ન.૪ ની તરફેણમા નોઘ સર્ટીફાઈડ થયેલ છે, , આમ ,મીલકત ધારણ કરવી , તે સબધે રેવન્યુ નોઘો પ્રમાણીત થવી, આ તમામ સરકારી રાહે જે પણ કામગીરી છે તે તમામ, ને આશરે દ સ વર્ષ જેટલો સમય વ્યતીત થયે લછે, સાથે અદાલત એ નોઘ લે છે કે, સમાશીત હક જે પણ વાદીઓનો પોષાય છે, તે નો આ તબકકે કોઈ વીરુઘ પુરાવો રેકર્ડ પર નથી , અને એ પ ણ નોઘવા પાત્ર છે કે, સમાશીત ના દરજજા વાળી

મીલકતન સહ માલીકી હક એક સમાશીત કે કર્તાને મીલકત ના વેચાણ સબધે કોઈ પ્રતીબધ હોય તેવી કોઈ નીચમ કે બધન નથી, મીલકનના વેચાણના સજોગો સાથે વેચાણ થયા બાદ, જે પણ સમય વ્યતીત થયેલ છે તે ને અનુલક્ષીને, પણ પ્રતીવાદી ન. ૪ ની સામે વધુ તેઓ સ્થાવર મીલકતની તબદીલી કરે નહી, અતે કે રેકર્ડ ઓફ રાઈટમા બોજો નોધાવે નહી તે રીતનો મનાઈ હુકમ આ તબકકે જયારે , રજીસ્ટ્રેશન એકટ અન્વ્યે મીલકતની તબદીલી, તેના નીયત પ્રકીયાને આધીન થયેલ હોય, અને દાવાવાળી મીલકતન હકો સબધે કોઈ એવી હકીકત કે જે મીલકતના દરજ્જા ને વીપરીત પરીસ્થીતીમા મુકે તેવી પણ કોઈ હકકીત રેકર્ડ પર ન હોય તેવા સજોગામો, દાવાવાળી મીલકત સબધે, જે પણ વેચાણને પડકારેલ છે તે નો વેચાણનો સમય, સાથે અદાલત સમક્ષ વીવાદ જે પણ લઈને વાદી આવેલ છે , તેમા તેમના હક અધીકાર સાથે જે પણ તબદીલીને પડકારેલ છ`, તેની કાયદેસરતાની વીરુધ્ધમા હાથ પરના કેસમા કોઈ એવો મહત્વના બધન હોવાનો કોઈ આધારભુત તત્વ આ તબકકે મનાઈ હુકમ જેવી સમન્યાચી દ ાદ મેળવવા વાદીને તરફેણ મા હોય તેમ આ અદાલત માનતી નથી, જે સજોગોમા આ કામે વાદીનો કેસ પ્રથમદર્શનીય રીતે મનાઈ હુકમને મેળવવાને પાત્ર હોવા સાથે અદાલત સંમત થતી ન થી ,

`, જેથી આ કામે ઘડવામા આવેલ મુદા ન. ૧ સબધે અદાલત ''' નકારમા ''' જવાબ આપીને મુદા ન.૨– સબધે નીચે મુજબનો હુકમ ફરમાવે છે ,

હુકમ

વાદી પક્ષેથી રજુ થયેલ આક ૫ અન્વયેને મનાઈ અરજી ના મંજુર કરવામ આવે છે,

• મનાઈ અરજીનો ખર્ચ દાવાના, આખરી પરીણામને અનુસરસે.

હુકમ આજ તારીખ– ૨૧ માહે– જાન્યુઆરી સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ– ૨૧–૦૧––૨૦૨૩.<br>સ્થળ – કડી. | (અનિકેત મહેન્દ્રકુમાર શુકલ)<br>ત્રીજા એડી.સીનીયર સિવિલ જજ–કડી.<br>(કોડ જી.જે.૦૧૧૩૯) |
| | |